## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




અમારી પાસે કેશ ન હોય એટલે અમારે સાથે તમારે જલ્લીકટ્ટુ રમવાની પરમીશન મોદીજીએ નથી આપી....!!

# સ્માર્ટ સીટીનુ સ્વપ્ન સાકાર કરવા વિભાગોની હદમાં ઘરબાયેલા નગરને એક છત્ર નીચે મુકવુ અનિવાર્ય : અરૂણ બુચ

**નગરને સ્માર્ટ સીટી બનાવાના મામલે સુઝાવો મેળવવા મળેલી બેઠકમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખની ઉગ્ર રજુઆત : શહેરમાં પ્રાથમિક સુવિધાઓ જ ખાડે : વાહન સેવાના નામે મીંડુ : બગીચાઓ ઉજ્જડ : પાર્કીંગની સુવિધાઓનો અભાવ : સ્માર્ટ સીટીની બેઠકમાં આમ નાગરિકો અને મોટાભાગની સંસ્થાઓની હાજરી મામલે હું ,,તુ અને રતનિયા જેવો ઘાટ : ટાટા કન્સલ્ટન્સીએ અગાઉ પણ બે વાર અભ્યાસ કર્યો હતો તેનુ કોઈ પરિણામ મળ્યુ નથી**

ગાંધીનગર તા ૨૩

નગરમાં વાહન સુવિધા અને પાર્કીંગ સહીતના પ્રશ્નો જટીલ બનતા જાય છે. વિવિધ વિભાગોની હદ વચ્ચે બંધાયેલા નગરના માળખાને એક છત્રી નીચે મુકવાની અનિવાર્યતા સાથે કોર્પોરેશનની પુર્ણ સત્તા આપવાનુ પણ અનિવાર્ય છે. ગ્રીન સીટીની સુફિયાણી વાતો વચ્ચે સેકટરોના બગીચાઓ પણ ઉજ્જડ બન્યા છે. ત્યારે નગરને સ્માર્ટ સીટી બનાવાનુ સ્વપ્ન સાકાર કરવાની સોહામણી વાતો પુર્વે નાગરિકોને સ્પર્શતી પાયાની સુવિધાઓ અપગ્રેડ કરવા તરફ ધ્યાન કેન્દ્રીત કરવાની અનિવાર્યતા હોવાની ઉગ્ર રજુઆત નગરની શુભચિંતક સંસ્થા શહેર વસાહત મહામંડળના પ્રમુખ દ્વારા કરવામાં આવી હતી. નગરને સ્માર્ટ સીટી બનાવાના મામલે નાગરિકોનો અભિપ્રાય મેળવવા માટે યોજાયેલી બેઠકમાં નગરની સંસ્થાઓ તેમજ



નાગરિકોની ગેરહાજરી વચ્ચે કોર્પોરેશનના કર્મચારીઓની સંખ્યા જ વિશેષ જોવા મળી હોવાનો આક્રોશ પણ બેઠકના અંતે પ્રબળ બન્યો હતો.

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવાની આજે યોજાયેલી બેઠકમાં મહાનગરપાલિકાના કર્મચારીઓની જ હાજરી જોવા મળી હતી. જયારે જ હું ..તુ અને રતનિયા ...જેવુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. નગરજનોના સુચનો સુઝાવો મેળવવા માટે મળેલી આ બેઠકમાં મોટાભાગના આ અભિપ્રાય બેઠકમાં નગરની મોટાભાગની સંસ્થાઓ તેમજ આમ નાગરિકોની ગેરહાજરી પણ સ્માર્ટ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩માં ગુરુવારે સવારથી લારીઓના માર્ગ પર અડીંગા

**નાગરીકોને સેકટરના આંતરીક માર્ગ પર સવારથી મોડીરાત સુધી વાહન લઈને પસાર થવું મુશ્કેલ બન્યું છે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં દર ગુરુવારના રોજ સાંજે સે-૩ ખાતે શાકમાર્કેટ તેમજ ઘર વપરાશમાં ઉપયોગી નાની ચીજવસ્તુઓની લારીઓના વેપારીઓ વેચાણઅર્થે બેસતા હતા. પરંતુ ગુરુવારના રોજ આસપાસના સેકટરવાસીઓ મોટીસંખ્યામાં ભકતો સાંઈબાબાના દર્શનાર્થે આવતા હોવાથી તેમજ ઘરે પરત ફરતા શાકભાજી ખરીદી સવિશે, કરતા હોવાથી અહીં મોટું માર્કેટ નિર્માણ પામ્યું હતું. સેકટરના આંતરીક માર્ગ લારીઓના અડીંગાથી ભરાઈ જાય છે. ત્યારે સ્થાનિક નાગરીકોને વાહન લઈને પસાર થવુ પણ મુશ્કેલરુપ બની રહ્યું છે. ત્યારે સે-૩ સાંઈબાબા મંદિરની આસપાસના વિસ્તારમાં તંત્ર દ્વારા ખેડુત શાકભાજી માર્કેટ ઉભુ કરાયું છે. ખેડુત શાકભાજી માર્કેટને માત્ર ત્રણ સપ્તાહનો સમય થવા પામ્યો છે. ગુરુવારના રોજ સવારથી ખેડુત વિવિધ પ્રકારની શાકભાજીના વેચાણ માટે સે-૩ ખાતે આવી પહોંચે છે. જયારે નાગરીકો સારી એવી શાકભાજીની ખરીદી પણ ખેડુતો પાસેથી કરે છે. ત્યારે ખેડુત માર્કેટને અનુલક્ષી ગુરુવારના રોજ હવે અન્ય શાકભાજીના વેપારીઓ તેમજ ઘરવખરીની નાની મોટી ચીજવસ્તુનું વેચાણ કરાત વેપારીઓ લારીઓનો અડીંગો રોડ સાઈડમાં નાંખીને સવારથી જ બેસી જતા સ્થાનિક નાગરીકો માટે સેકટરના આંતરીક માર્ગ પરથી પસાર થવુ મુશ્કેલીરુપ લાગી રહ્યું છે. જયારે દર્શન માટે આવતા ભકતોને આ ટ્રાફિકમાંથી પસાર થવુ પડે છે. જયારે પહેલા માત્ર ગુરુવારે સાંજના સુમારે જ શાકભાજીના વેપારીઓ આવતા હતા. પરંતુ ખેડુત માર્કેટને પગલે સવારથી મોડીરાત સુધી ભરચક રહેતા નાગરીકો માટે માથાના દુખાવા સમાન માર્કેટ બની રહ્યું છે. ત્યારે ગુરુવારના રોજ માત્ર ખેડુત માર્કેટના વેપારીઓ સવારના સમયે વેચાણ કરે તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે.

# રાજયના હોમગાર્ડ જવાનોએ પોતાના પડતર પ્રશ્નોની રજુઆત ગૃહમંત્રીને કરી

ગાંધીનગર, તા. ૨૩

સમગ્ર રાજયમાં વર્ષોથી પોલીસ તંત્ર સાથે ખભેથી ખભો મીલાવીને કામગીરી કરતા હોમગાર્ડના જવાનોના પડતર પ્રશ્નો વર્ષોથી પડતર જ



રહેવા પામ્યા છે. જેમાં હોમગાર્ડના જવાનોને માત્ર રૂ.૨૦૪ લેખે ૨૭ દિવસનું જ વેતન આપવામાં આવે છે. ત્યારે આ વેતન પણ આવી કારમી મોંઘવારીમાં એક સાથે ૩ અથવા ૪ મહિને મળે છે. ત્યારે અન્ય રાજયમાં હોમગાર્ડના પગાર અધધ છે ત્યારે રાજયના હોમગાર્ડના જવાનોએ આજે રૂ.૭૦૦ થી રૂ.૧૨૦૦ વેતન ભથ્થુ કરવામાં આવે અને ૨૯ દિવસનો પગાર ગણવામાં આવે તેવી માંગ સાથે આજે રાજયના ગૃહમંત્રીને લેખિત રજુઆત કરી છે. વર્ષોથી પડતર પ્રશ્નોનો આગામી ૧૦ ફેબ્રુઆરી સુધીમાં સરકાર તરફથી હકારાત્મક જવાબ નહી આવે તો આગામી સમયમાં હોમગાર્ડના જવાનો દ્વારા ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરવામાં આવશે તેમજ આગામી વિધાનસભાની ચુંટણીનો હોમગાર્ડના પરિવારજનો દ્વારા બહિષ્કાર કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

રાજયમાં હોમગાર્ડના જવાનો પોલિસ સાથે નિષ્ઠાપૂર્વક રાત-દિવસ ફરજ બજાવે છે.તેમ છતા પોલીસ અને હોમગાર્ડ પ્રત્યે સરકાર દ્વારા જમીન આસમાન જેટલો તફાવત રાખે છે. દરેક પ્રકારના બંદોબસ્તમાં ખડેપગે હાજર હોમગાર્ડ જવાન હોય છે. નાઈટ પેટ્રોલીંગથી લઈને ટ્રાફિક નિયમન સુધી તમામ જવાબદારીઓ સંપૂર્ણપણે નિભાવે છે. છતા સરકાર દ્વારા યોગ્ય પગાર આપવામાં આવતો નથી. ત્યારે તેઓની મુખ્ય માંગણીઓ છે જેમાં મેડીકલ એલાઉન્સ આપવું, વય મર્યાદા ૫૮ વર્ષ કરવી, રૂ.૧૫૦૦૦ થી ૧૭૦૦૦ અન્ય રાજયમાં હોમગાર્ડને પગાર આપવામાં આવે છે તેટલું પગાર ધોરણ રાજય સરકાર દ્વારા આપવામાં આવે. પહેલા હોમગાર્ડને માત્ર રૂ.૮૦ પ્રતિદિન આપવામાં આવતા હતા અને ૨૯ દિવસ ગણવામાં આવતા હતા તેના સ્થાને રૂ.૨૦૪ માં માત્ર ૨૨ દિવસનો પગાર ચુકવામાં આવે છે. ત્યારે સરકાર દ્વારા આપવામાં આવતી ફરજમાં મુંગા મોઢે સહન કરતા હોમગાર્ડના જવાનોનું સરકાર દ્વારા શોષણ કરવામાં આવે છે તેવું તેમનું કહેવું છે. ત્યારે વર્ષોથી પડતર માંગણીને લઈ આજે લખિત રજુઆત ગૃહમંત્રીને જવાનોએ કરી છે. ત્યારે આગામી તા.૧૦ ફેબ્રુઆરી સુધીમાં સરકાર તરફથી હકારાત્મક અભિગમ નહી આવે તો રાજયભરના હોમગાર્ડના જવાનો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેમજ આગામી વિધાનસભાની ચુંટણીમાં તેમના પરિવારજનો પણ ચુંટણીનો બહિષ્કાર કરશે તેમ હોમગાર્ડના જવાનોએ જણાવ્યું છે.

# રાજયમાં તાપમાનમાં વધારો નોંધાયો : ઠંડીથી રાહત

**એક સપ્તાહ સુધી ઠંડીથી રાહત રહે તેવી વકી : ગાંધીનગરમાં ૧૬.૬ તાપમાન, અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૭ ડિગ્રી ગુજરાત અને રાજસ્થાન બંને જગ્યાએ ઠંડીમાં ઘટાડો થયો**

અમદાવાદ, તા. ૨૩


ગાંધીનગર-અમદાવાદ શહેરમાં ફરી તાપમાનમાં જોરદાર ફેરફારની સ્થિતિ જોવા મળી છે. આજે એકાએક લઘુત્તમ તાપમાનમાં વધારો થયો હતો જેથી ઠંડી એકાએક ગાયબ થઈ ગઈ છે. તાપમાન વધી જતાં લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો. છેલ્લા થોડાક દિવસમાં તીવ્ર ઠંડીનો ચમકારો લોકોએ અનુભવ કર્યા બાદ હવે એકાએક ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડીમાં એકાએક ઘટાડો થઈ ગયો છે. એક સપ્તાહ સુધી ઠંડીથી રાહત રહે તેમ માનવામાં આવે છે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, આશરે એક સપ્તાહ સુધી ઠંડીનો અનુભવ થશે નહીં. અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ રાજસ્થાન અને ઉત્તર ગુજરાત ઉપર સર્જાઈ ગઈ છે જેના પરિણામ સ્વરુપે તાપમાનમાં એકાએક વધારો થયો છે. હવામાન વિભાગે એમ પણ કહ્યું છે કે, રાજ્યના ઉત્તરીય ભાગોમાં વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. આના કારણે ભેજનું પ્રમાણ વધી શકે છે અને લોકોને તીવ્ર ઠંડીથી રાહત મળશે. હાલમાં દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન પર અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ જોવા મળી રહી છે. જ્યારે અફઘાનિસ્તાનમાં ઉત્તરપૂર્વીય ભાગ પર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સ્થિતિ જોવા મળી રહી છે. આવીસ્થિતિના લીધે ગુજરાત અને રાજસ્થાન સહિત પશ્ચિમી રાજ્યોમાં ઠંડીમાં ઘટાડો થશે. ૨૪મી જાન્યુઆરી સુધી તીવ્ર ઠંડીનો અનુભવ નહીં થાય ત્યારબાદ ફરી એકવાર તાપમાન એકથી બે ડિગ્રી ઘટી શકે છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૭ ડિગ્રી થયું હતું જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૧૪.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. નલિયામાં ૧૧.૨ ડિગ્રી તાપમાન થયું છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે આવતીકાલે સ્વચ્છ વાતાવરણ રહેશે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં ઠંડીના પ્રમાણમાં ઘટાડો થયો છે પરંતુ ઉત્તર ભારતમાં ઠંડીના લીધે જનજીવન ખોરવાયેલું છે. ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. લાંબા અંતરની ઘણી ટ્રેનો કલાકો મોડે દોડી રહી છે. આવી સ્થિતિમાં ગુજરાતમાં તીવ્ર ઠંડી અથવા તો ધુમ્મસની કોઈ સ્થિતિ જોવા મળી રહી નથી. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે એકાએક ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે.

# સ્કાઉટ એન્ડ ગાઈડના કેમ્પનું સમાપન





યુથ હોસ્ટેલ ખાતે યોજાયેલા હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડના ત્રિ દિવસીય કેમ્પનું સમાપન તાજેતરમાં થયું છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અને હિન્દુસ્તાન સ્કાઉટ એન્ડ ગાઈડના પ્રેસીડન્ટ પુરુષોત્તમ રૂપાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અધિકારીઓ એસ.કે. નંદા, અનિલ પ્રથમ, એ.કે. સકસેના, આકાશ શર્મા, અતુલ સોમપુરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નહેરુ યુવા કેન્દ્રના કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર અને યુવા દિશા કેન્દ્રના સંજીવ મહેતાએ પણ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરું પાડયું હતું. કાર્યક્રમના પ્રારંભે નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મદિને તેમની તસ્વીરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ સ્કાઉટ ગાઈડના વિદ્યાર્થીઓને એક સંપ થઈ કુપોષણની સમસ્યાનું સમાધાન શોધવા અપીલ કરી હતી.




Meet a company that owns and operates the BSE exchange platform, functioning in the listing, market and data business

We own and operate the BSE exchange platform (formerly, the Bombay Stock Exchange), the first stock exchange in Asia. As of October, 2016, the BSE was the world's largest exchange by number of listed companies, and India's largest and the world's 10th largest exchange by market capitalization, with US$ 1.7 trillion in total market capitalization of listed companies#. As the operator of the BSE, we regulate listed issuers and provide a market for listing and trading in various types of securities as may be allowed by SEBI from time to time. We operate in three primary lines of business, namely the listing business, the market business, and the data business. We benefit from strong brand recognition and have a track record of innovation. Backed by state-of-the-art infrastructure and technology, we operate on the basis of a diversified and integrated business model.

140 BSE EXPERIENCE THE NEW

*Source: World Federation of Exchanges ("WFE")
#Source: CARE Research, Industry Report for Stock Exchanges, December 2016.

BSE LIMITED www.bseindia.com

BSE LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the RHP with the RoC. The RHP will be available on the websites of SEBI and NSE at www.sebi.gov.in and www.nseindia.com, respectively, and at the websites of the GCBRLMs to the Offer at www.edelweissfin.com, www.axiscapital.co.in, www.jefferies.com and www.nomuraholdings.com/company/group/asia/india/index.html, BRLMs to the Offer at http://www.motilaloswalgroup.com, www.sbicaps.com and www.smccapitals.com, and Co-BRLM to the Offer at www.sparkcapital.in respectively. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, please see "Risk Factors" on page 19 of the RHP. Potential investors should not rely on the Draft Red Herring Prospectus filed with SEBI for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act"), and may not be offered or sold within the United States except pursuant to an exemption from or in a transaction not subject to the registration requirements of the U.S. Securities Act. Accordingly, the Equity Shares are being offered and sold (A) in the United States in reliance on an exemption from the registration requirements of Section 5 of the U.S. Securities Act only to persons who are: (i) Qualified Institutional Buyers ("U.S. QIBs") as defined in Rule 144A under the U.S. Securities Act; (ii) Qualified Purchasers as defined in Section 2(a)(51) of the U.S. Investment Company Act of 1940, as amended ("QPs"); and (iii) institutional Accredited Investors as defined in Rule 501(a)(1), (2), (3), or (7) of Regulation D ("IAIs" and persons who are each a QIB, a QP and also an IAI are referred to as "Entitled Qualified Purchasers") and (B) outside the United States to non-U.S. Persons (or to persons who are both U.S. Persons (as defined in Regulation S) and Entitled Qualified Purchasers and are located outside the United States) in offshore transactions in reliance on Regulation S.

Adfactors 423

# સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં "આંતરનાદ" કાર્યક્રમનો પ્રારંભ





ગાંધીનગર, તા. ૨૩

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગર સેકટર-૨૮ ખાતે આજથી પાંચ દિવસીય કલ્ચરલ ફેસ્ટીવલ - ૨૦૧૭ "આંતરનાદ" કાર્યક્રમનો પ્રારંભ થયો છે.પાંચ દિવસ સુધી કોલેજમાં વિવિધ ડે ની ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત આજે કોલેજમાં મિસ મેચ ડે ની ઉજવણી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોએ કરી હતી.જેમાં વિવિધ પ્રકારની સુંદર રંગોળી બહેનોએ તૈયાર કરી હતી.

શિક્ષણ અને સાંસ્કૃતિક-સાહિત્યિક પ્રવૃતિઓ માટે ગુજરાતભરમાં જાણીતી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગર સેકટર-૨૮ ખાતે કલ્ચરલ ફેસ્ટીવલ આંતરનાદનો શુભારંભ થઈ ગયો છે. આ કાર્યક્રમ અંતર્ગત આગામી તા.૨૪ના રોજ સિગ્નેચર ડેના દિવસે મહેંદી સ્પર્ધા તેમજ અંતાક્ષરીનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૫ને ટ્રેડિશનલ ડે ના દિવસે કાવ્યપઠન અને વકતૃત્વ સ્પર્ધા યોજાશે. તા.૨૬ ને ગુરુવારના રોજ ધ્વજવંદન બાદ ત્રિવેણી દોડ, લીંબુ ચમચી, લોટફુંક, કોથળા દોડ જેવી વિવિધ રમતોનું આયોજન કરાયું છે. જયારે તા.૨૭ના રોજ ક્રાફટસ ડે તેમજ કવીઝ સ્પર્ધા યોજાશે. સાંસ્કૃતિક સપ્તાહમાં આજરોજ મિસ મેચ ડે નિમિતે રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બહેનોએ વિવિધ સુંદર આકર્ષક રંગોળી તૈયાર કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનુંઆયોજન સંસ્થાના આચાર્યા ડો.રૂચા બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ કોલેજની સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ડો. લલિતા સોલંકી, ડો. હેમંત વૈષ્ણવ અને ડો. સમીર ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે આગામી તા. ૨૬ના રોજ યોજાનાર સ્પર્ધામાં કોલેજના મહેન્દ્ર મોડીયા તેમજ સ્પોર્ટસ કમિટીના સદસ્યા ડો. મનીષા દેસાઈ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. ત્યારે સમગ્ર શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ કાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્નશીલ છે.